સમય : ૩ કલાક | કુલ ગુણ : ૮૦

## વિભાગ : A

• નીચે આપેલા પ્રશ્ન નં. ૧ થી ૧૬ ના માંગ્યા મુજબ જવાબ આપો. (16)

• નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

**(1)** $P(t) = 6t^2 - 3 - 7t$ બહુપદી નો ઘાત 2 છે.

**(2)** સમીકરણ $3x^2 - 2x + 1/3 = 0$ નો વિવેચક શુન્ય મળે છે.

**(3)** $\sqrt{3}$ , $\sqrt{6}$, $\sqrt{9}$, $\sqrt{12}$......એ સમાંતર શ્રેણી છે.

**(4)** Sin 60°.Cos 30°+ Sin 30°.Coc 60°ની કિંમત 1 થાય.

• વિધાન સાચું બને તે રીતે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

**(5)** સામાન્ય રીતે,કોઈ પણ આવૃતિ–વિતરણ માટે બહુલક–મધ્યસ્થ = .............× (મધ્યસ્થ–મધ્યક)

(A) 1 (B) 2 (C) 3 (D) 4

**(6)** જો $P(A) : P(\overline{A}) = 3:5$ હોય તો P(A) =..........

(A) 3/5 (B) 5/3 (C) 5/8 (D) 3/8

**(7)** લઘુગુણક ના કોષ્ટકમાંથી એક અંક યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે.તે અંક 0 અથવા 9 હોય તેની સંભાવના..........છે.

(A) 2/5 (B) 1/5 (C) 3/5 (D) 4/5

**(8)** સમીકરણ યુગ્મ $\frac{x}{a}+\frac{y}{b}=2$ અને $ax - by = a^2 - b^2$ નો ઉકેલ ..........છે.

(A) x = a ,y = b (B) x = -a ,y = -b (c) x = a ,y = -b (D) x = -a ,y = b

• વિધાન સાચું બને તે મુજબ ખાલી જગ્યા પુરો.

**(9)** જો બહુપદી $P(x) = x^3+3x^2 + Kx - 24$ નું એક શુન્ય 3 હોય તો K =............

**(10)** જો $y = \frac{x}{a}$ અને $3x + 4y = 20$ હોય તો x = ..............

**(11)** $\tan^2\theta - \sec^2\theta =$ ................

**(12)** જો O કેન્દ્ર વાળા વર્તુળને બિંદુ P માંથી દોરેલા સ્પર્શકો PA અને PB વચ્ચે 80° નો ખુણો રચાતો હોય તો ∠POA=..............

• એક વાકય,શબ્દ કે આંકડામાં જવાબ આપો.

**(13)** જો કોઈ વર્તુળની પરિમિતી તથા તેનું ક્ષેત્રફળ આંકડાકીય રીતે સમાન હોય,તો તે વર્તુળનો વ્યાસ શોધો.

**(14)** એક લંબઘનની પાસ પાસેની ત્રણ સપાટીઓના ક્ષેત્રફળ x,y અને z છે.લંબઘનનું ઘનફળ શોધો,

**(15)** પાસાને એક વાર ફેંકવામાં આવે તો અવિભાજય સંખ્યા મળવાની સંભાવના કેટલી થાય ?

**(16)** PROBABILITY શબ્દના અક્ષરોમાંથી એક અક્ષર યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે તો તે અક્ષર સ્વર હોવાની સંભાવના શોધો.

## વિભાગ : B

**• નીચે આપેલા પ્રશ્ન નં. ૧૭ થી ર૬ ના ૪૦ થી ૫૦ શબ્દોમાં માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના ર ગુણ) (ર૦)**

**• નીચેના પ્રશ્નોની ગણતરી કરી જવાબ લખો.**

**(17)** સાબિત કરો કે $\sqrt{3}+\sqrt{5}$ અસંમેય છે.

**(18)** 60,120 અને 288 નો ગુ.સા.અ તેમજ લ.સા.અ શોધો.

**(19)** જો બહુપદી $x^3 - 3x^2 + x + 1$ ના શુન્યો a-b , a , a + b હોય તો a અને b શોધો.

**(20)** સમીકરણ યુગ્મ $3x - 5y - 4 = 0$ અને $9x = 2y + 7$ નો ઉકેલ આદેશની રીતે શોધો.

અથવા

**(20)** લોપની રીતે સમીકરણ યુગ્મનો ઉકેલ શોધો.

$\frac{X+1}{2} + \frac{Y-1}{3} = 9$ અને $\frac{X-1}{3} + \frac{Y+1}{2} = 8$

**(21)** જો $\sec\theta = 13/12$ તો $\sin\theta$ અને $\cot\theta$ ની ગણતરી કરો.

**(22)** કિંમત શોધો : $\frac{\cos 45^\circ}{\sec 30^\circ + \operatorname{cosec} 30^\circ}$

અથવા

**(22)** $\tan^2\theta + \cot^2\theta = \sec^2\theta \cdot \operatorname{cosec}^2\theta - 2$ સાબિત કરો.

**(23)** ચતુષ્કોણ ABCD એક વર્તુળને પરિગત છે,તો સાબિત કરો કે AB + CD = AD + BC

**(24)** નીચેના આવૃતિ વિતરણનો મધ્યક પદ – વિચલનની રીતે શોધો.

| વર્ગ | 0 - 20 | 20 - 40 | 40 - 60 | 60 - 80 | 80 - 100 |
|---|---|---|---|---|---|
| આવૃતિ | 15 | 18 | 21 | 29 | 17 |

**(25)** ટાવરનાં પાયા થી 30 મી દૂર રહેલા જમીન પરના એક બિંદૂથી ટાવર ની ટોચના ઉત્સેધકોણ નું માપ 30° છે.તો ટાવરની ઊંચાઈ શોધો.

**(26)** બે ક્રમિક અયુગ્મ ધન પૂર્ણાંક સંખ્યાઓના વર્ગોનો સરવાળો 290 હોય તો બંને સંખ્યાઓ શોધો.

અથવા

**(26)** $x^2 - \frac{3}{2}x + \frac{9}{16} = 0$ દ્વિઘાત સમીકરણ નાં બીજ પૂર્ણવર્ગ ની રીતે મેળવો.

## વિભાગ : C

**• નીચે આપેલા પ્રશ્ન નં. ર૭ થી ૩૪ ના ૬૦ થી ૮૦ શબ્દોમાં મુદ્દાસર જવાબ આપો. (દરેકના ૩ ગુણ) (ર૪)**

**• નીચેના પ્રશ્નોન માંગ્યા પ્રમાણે ગણતરી કરી જવાબ આપો**

**(27)** જો બહુપદી $3x^2 + 14x^2 + 9x + 9$ ને બહુપદી 3x+ 5 વડે નિ:શેષ ભાગી શકાતી હોય તેવી a ની કિંમત શોધો.સબંધ ચકાસો.

**(28)** $\frac{1}{X+4} - \frac{1}{X-7} = \frac{11}{30}$ , $x \neq -4,7$ આપેલ સમીકરણ ના બીજ શોધો.

**(29)** સમાંતર શ્રેણી 10 , 7 , 4 ...........,62 માં છેલ્લેથી 11 મું પદ શોધો.

અથવા

**(29)** 10 અને 250 વચ્ચે 4 નાં ગુણીત કેટલા હશે?

**(30)** બિંદુઓ P,Q,R અને S એ બિંદુ એ A(1,2) અને B(6,7) ને જોડતા રેખાખંડ નું 5 સરખા ભાગમાં વિભાજન કરે છે.બિંદુઓ P,Q અને R ના યામ શોધો.

**(31)** 101 વિધાર્થીઓએ એક પરીક્ષામાં મેળવેલ ગૂણનું આવૃતિ વિતરાણ નીચે મુજબ છે.

| ગુણ | 20 - 30 | 30 - 40 | 40 - 50 | 50 - 60 | 60 - 70 | 70 - 80 | 80 - 90 |
|---|---|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓની સંખ્યા | 10 | 8 | 12 | 24 | 6 | 25 | 16 |

આપેલ માહિતી માટે બંને પ્રકારના ઓજાઈવ દોરો અને તે પરથી વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ નો મધ્યસ્થ શોધો.

અથવા

**(31)** એક કસોટીમાં વિદ્યાર્થીઓએ 30 ગુણમાંથી મેળવેલ ગુણનું આવૃતિ વિતરણ નીચે મુજબ છે.

| મેળવેલ ગુણ | 0 - 6 | 6 - 12 | 12 - 18 | 18 - 24 | 24 - 30 |
|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીની સંખ્યા | 1 | 4 | 9 | 3 | 3 |

વિદ્યાર્થીઓ એ મેળવેલા ગૂણનો મધ્યક,મધ્યસ્થ અને બહુલક શોધો.

**(32)** સાબિત કરો કે વર્તુળની બહારનાં બિંદુમાંથી વર્તુળની બહારના બિંદુમાંથી વર્તુળને દોરેલા સ્પર્શકોની લંબાઈ સમાન હોય છે.

**(33)** 20 સેમી ત્રિજયાવાળા વર્તુળની જીવા કેન્દ્ર આગળ 90°નો ખૂણો આંતરે છે.તેને અનુરૂપ ગુરૂવૃતખંડનું ક્ષેત્રફળ શોધો.($\pi$ =3.14 )

**(34)** એક બંધ નળાકાર પાત્રની બહારની કુલ સપાટી ને રંગવાનો ખર્ચ 60 પૈસા પ્રતિ સેમી$^2$ લેખે 237.60 રૂ. થાય છે.જો નળાકારની ઊંચાઈ તેના પાયા ની ત્રિજયા કરતા 6 ગણી હોય તો નળાકાર પાત્રની ઉંચાઈ અને ત્રિજયા શોધો.

અથવા

**(34)** એક લોખંડના નળાકાર સ્વરૂપના નકકર થાંભલાની ઊંચાઈ 220 સેમી છે.અને પાયાનો વ્યાસ 24 સેમી છે.તેની ઉપર 60 સેમી ઊંચાઈ અને 8 સેમી ત્રિજયાવાળા બીજા નળાકારને મૂકવામાં આવે છે,તો થાંભલાનું દળ શોધો.(1 સેમી$^3$ લોખંડનું દળ આશરે 8 ગ્રામ છે.) ($\pi = 3.14$)

## વિભાગ : D

**• નીચે આપેલા પ્રશ્ન નં. ૩૫ થી ૩૯ ના ૯૦ થી ૧૨૦ શબ્દોમાં માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના ૪ ગુણ) (૨૦)**

**• નીચેના પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ગણતરી કરી જવાબ આપો.**

**(35)** 4 સેમી ત્રિજયાવાળા વર્તુળના જેમની વચ્ચેના ખૂણાનું માપ 60 થાય તેવા સ્પર્શકો રચો.રચનાનાં મુદા લખો.

અથવા

**(35)** 8 સેમી આધાર અને 4 સેમી વેધવાળા સમદ્વિબાજુ ત્રિકોણ ની રચના કરો અને પછી એવો ત્રિકોણ રચો,જેની બાજુઓ સમદ્વિભુજ ત્રિકોણની અનુરૂપ બાજુઓ કરતા $1\frac{1}{2}$ ગણી હોય.

**(36)** નદી ને કાંઠે ઉભેલી એક વ્યકિતના નિરીક્ષણ મુજબ સામાકાંઠા પર રહેલા ઝાડની ટોચનો ઉત્સેધકોણ 60° છે.કાંઠા થી 20 મી દૂર જતાં તે ખૂણો 30° નો થાય છે.ઝાડની ઊંચાઈ તથા નદીની પહોળાઈ શોધો.

**(37)** એક હોડી નદીના સામા પ્રવાહે 30 કિમી અને પ્રવાહ ની દિશામાં 44 કિમી અંતર 10 કલાકમાં કાપે છે.તે હોડીને તે જ નદીમાં 40 કિમી સામાં પ્રવાહે અને 55 કિમી અંતર પ્રવાહની દિશામાં કાપતા 13 કલાક જેટલો સમય લાગે છે.નદીના પ્રવાહની અને હોડીની ઝડપ શોધો.

**(38)** એક વાસણ એક ધાતુની શીટ માંથી બનાવવામાં આવ્યું છે.તો ઉપરથી ખૂલ્લુ છે અને શંકુનાં આડછેદ જેવા આકારનું છે.તેની ઊંચાઈ 16 સેમી તથા બંને અંત્ય વર્તુળની નીચેની અને ઉપરની ત્રિજયાઓ અનુક્રમે 3 સેમી અને 20 સેમી છે.દૂધથી સંપૂર્ણ ભરેલા વાસણમાં 20 રૂ,પ્રતિ લિટર કિંમતવાળા આ વાસણમાં સમાઈ શકતા દુધ ની કિંમત શોધો.આ વાસણ બનાવવા માટે વપરાયેલ ધાતુની શીટ ની કિંમત શોધો.આ વાસણ બનાવવા માટે વપરાયેલ ધાતુની શીટ ની કિંમત 8 રૂ.પ્રતિ 100 સેમી$^2$ ના દરે શોધો. ($\pi = 3.14$ લો)

**(39)** $\Delta$ PQR માં $\angle Q = 90$ છે તો સાબિત કરો કે $PQ^2 + QR^2 = PR^2$

અથવા

**(39)** બે સમરૂપ ત્રિકોણના ક્ષેત્રફળ નો ગુણોત્તર તેમની અનુરૂપ બાજુઓના ગુણોતર ના વર્ગ બરાબર હોય છે.